Promoting Green Technology

# ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડના

## અધ્યક્ષશ્રી નું નિવેદન

## ૪૭મી વાર્ષિક સામાન્ય સભા

શુક્રવાર, તા. ૨૫મી સપ્ટેમ્બર ૨૦૨૦
સવારે ૧૧.૩૦ કલાકે




રજિસ્ટર્ડ ઓફિસઃ
**ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ**
પી. ઓ.: પેટ્રોકેમિકલ્સ-૩૯૧ ૩૪૬, જિલ્લો : વડોદરા.

## શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો,

આપની કંપનીની ૪૭મી વાર્ષિક સામાન્ય સભામાં હું આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું. વર્ષ ૨૦૧૯-૨૦ના સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ ઓડિટ થયેલાં નાણાંકીય પરિણામો અને બોર્ડનો અહેવાલ આપની પાસે છે, જે આપની અનુમતિથી હું વાંચી લીધેલા ગણી લઉં છું.

## અર્થતંત્ર પર એક નજર

નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ભારતીય અર્થતંત્રનો વિકાસદર અગાઉના વર્ષમાં ૬.૧%ની સરખામણીમાં ૪.૨%નો રહ્યો હતો જે વર્ષ ૨૦૦૮-૦૯ પછીનો સૌથી ઓછો વિકાસદર છે. ઉત્પાદન, બાંધકામ અને વીજળી જેવા ક્ષેત્રમાં વિકાસદરમાં તીવ્ર ઘટાડો થયો છે. માર્ચના અંતમાં ફેક્ટરીઓ બંધ થતાં ચોથા ક્વાર્ટરમાં ઉત્પાદન ક્ષેત્રે વિકાસદરમાં ૧.૪%નો ઘટાડો થયો હતો. કૃષિ અને જાહેર વહીવટ ક્ષેત્રે અનુક્રમે ૫.૯% અને ૧૦.૧%નો વિકાસદર નોંધાવ્યો હતો. બાંધકામક્ષેત્રના વિકાસદરમાં ૨.૨%નો ઘટાડો થયો છે જ્યારે નાણાંકીય ક્ષેત્ર જે સામાન્ય રીતે ઝડપથી વિકસતું જોવા મળ્યુ છે તેનાં વિકાસદરમાં માત્ર ૨.૪% નો વધારો જોવા મળ્યો છે. ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન (જીએફસીએફ) રોકાણનો સૂચક માર્ચ ક્વાર્ટરમાં ૬.૪%થી ઘટ્યો હતો.

COVID-19 મહામારીને કારણે ૨૫ માર્ચ, ૨૦૨૦ના રોજથી દેશવ્યાપી લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું. જો કે લોકડાઉન શરૂ થયાના થોડા અઠવાડિયા પહેલાજ વ્યવસાયિક પ્રવૃત્તિઓ ધીમે ધીમે ઓછી થવાની શરૂઆત થઈ ગઈ હતી. દેશવ્યાપી લોકડાઉનને ધ્યાનમાં રાખીને વિવિધ ઉદ્યોગો જેવા કે કોલસો, સિમેન્ટ, સ્ટીલ, કુદરતી ગેસ, રિફાઇનરી, રસાયણો, ક્રૂડ તેલ વગેરેના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. લોકડાઉનથી સમગ્ર અર્થતંત્રને ફટકો પડતાં એપ્રિલ ૨૦૨૦ માં મુખ્ય ઉત્પાદન ક્ષેત્રમાં ખુબજ મોટો ૩૮.૧%નો ઘટાડો થયો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન મુખ્ય ઉદ્યોગોએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ૪.૪%ની સામે માત્ર ૦.૬%ની વૃદ્ધિ નોંધાવી છે.

ઉત્પાદન તેમજ આર્થિક પ્રવૃત્તિઓ એપ્રિલ અને મે ૨૦૨૦ માં લગભગ સ્થગિત હતી. આ ઉપરાંત જ્યારે સરકાર દ્વારા લોકડાઉનના નિયંત્રણો હળવા કરાયા એટલે તે સમયે કામદારોનું ઉત્પાદનના સ્થળેથી પોતાના વતનમાં થયેલ મોટાપાયાના સ્થળાંતરને કારણે પણ અર્થતંત્ર પર ઘણી ખરાબ અસર પડી હતી.

મને જણાવતા આનંદ થાય છે કે, ભારત સરકારે લોકડાઉનને કારણે અર્થતંત્રપર પડેલ ખરાબ અસરને દૂર કરવા રૂ.૨૦ લાખ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે જેમાં લોકડાઉનની અસર સામે લડવા માટે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) દ્વારા લીધેલા અર્થતંત્રમાં રોકડપ્રવાહ

વધારવાના પગલાં પણ સામેલ છે. આરબીઆઈએ બે વખત વ્યાજ  દરમાં  ઘટાડાની જાહેરાત કરી છે. આ ઉપરાંત અર્થતંત્રમાં રોકડ પ્રવાહને વધારવાં મદ્દદ કરી છે તથા ઊદ્યોગો અને બીજા ક્ષેત્રોએ લીધેલા ઋણની પરતચુકવણીના નિયમો હળવા બનાવ્યા છે. અર્થતંત્રને ટેકો આપવા માટે જાહેર કરાયેલા પગલાથી તમામ ક્ષેત્રોમાં નાના વ્યવસાયને મદદ મળશે.

વર્લ્ડ બેંકની ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ-૨૦૨૦માં ભારત ૧૪ ક્રમથી ઉપર આવીને ૧૯૦ દેશોમાંથી ૬૩મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગયા વર્ષે અગાઉના ક્રમાંકમાં ૧૯૦ દેશોમાં ભારતનુ સ્થાન ૭૭માં ક્રમે હતું.

## ગુજરાત અન્ય રાજ્યો માટે રોલમોડેલ (ઉદાહરણરૂપ)

વર્ષોથી ગુજરાત એક એવુ રાજ્ય છે જેની સફળતા, પ્રગતિકારકતા અને સર્વાંગી વિકાસના અભિગમની સમગ્ર દેશમાં પ્રસંશા કરવામાં આવે છે. ગુજરાત તેની ઔધોગિક સાહસિકતા અને વાઈબ્રન્સી માટે જાણીતું છે. રોકાણકારોનો ગુજરાતમાં રોકાણ માટેનો વિશ્વાસ અનેકગણો વધ્યો છે. જેની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોએ માન્યતા આપી છે. આપણું રાજ્ય, ઉધોગો અને કૃષિ માટે પર્યાપ્ત ઉર્જા અને માળખાગત સુવિધાઓ પૂરી પાડે છે. ગુજરાત કેમિકલ હબ અને પેટ્રો-કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ સહિત નોંધપાત્ર ઔધોગિક પરિસીમા ધરાવે છે. જેનાથી ગુજરાત દેશના અર્થતંત્રમાં સૌથી મોટું યોગદાન આપતું રાજ્ય બન્યું છે. ભારતનું અર્થતંત્ર છેલ્લા કેટલાક વખતથી વૈશ્વિક મંદી જેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ વિકાસ કરી રહ્યું છે જેમાં ગુજરાતની ભૂમિકા મહત્વપૂર્ણ જોવા મળી રહી છે. ભારતના ઝડપી બદલાતા પરિદ્રશ્ય સાથે તાલ મેળવવા ગુજરાત હંમેશા અગ્રિમ સ્તરે રહ્યું છે. ગુજરાતની ઔધોગિક નીતિ સક્ષમ, સાતત્યપૂર્ણ અને સર્વાંગી પ્રગતિને અનુલક્ષીને નિર્માણ પામી છે. આ તમામ પ્રયાસોથી મને આશા છે કે આપણા માનનીય વડાપ્રધાનશ્રીના ‘‘આત્મનિર્ભર ભારત’’ ના ધ્યેયને પ્રાપ્ત કરવા ગુજરાત અન્ય રાજ્યોને ઉદાહરણ પૂરું પાડશે.

## જીએસીએલની કામગીરી

આપની કંપની ૧૯૭૩માં સ્થાપિત થઈ, સમયાંતરે ઉત્પાદનવૃદ્ધિ કરીને કોસ્ટીક સોડાના સૌથી વિશાળ ઉત્પાદકોમાંની એક કંપની તરીકે ઊભરી આવી છે. તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ આપણી કંપનીની કોસ્ટીક સોડાની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૪,૧૨,૫૦૦ મેટ્રિક ટન પ્રતિવર્ષ છે. આપની કંપની સક્ષમ આર્થિક સ્થિતિ ધરાવે છે. કંપની ભારતીય કોસ્ટીક સોડા બજારમાં અંદાજે ૧૨ %નો હિસ્સો ધરાવે છે.

કંપની સમયાંતરે ક્લોર-આલ્કલી ક્ષેત્રે પોતાની કામગીરીનું વિસ્તરણ કરતી આવી છે અને સાથે સાથે નવા ઉત્પાદનોમાં પણ વિવિધતા લાવી રહી છે, જેમાં ફોરવર્ડ અને બેકવર્ડ ઇન્ટીગ્રેશન્સનો

સમાવેશ થાય છે. જીએસીએલ એ ભારતની એવી પ્રથમ કંપની છે જેણે વર્ષ ૧૯૮૯માં મરક્યુરી સેલ ટેક્નોલોજીને બદલીને તેના સ્થાને પર્યાવરણને અનુકૂળ ટેક્નોલોજી અને ઉર્જામાં બચાવ કરનાર મેમ્બ્રેન ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કર્યો હતો. કંપનીની ઉત્પાદન શ્રેણીમાં કુલ ૩૬થી વધુ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. કંપનીના ઉત્પાદનો ભારત અને વિદેશોમાં વિવિધ ઉદ્યોગો દ્વારા ઉપયોગમાં લેવાય છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન કંપનીએ મહત્તમ ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરી છે. આપની કંપનીએ હંમેશા ઈકો-ફ્રેંન્ડલી અને ગ્રીન ટેક્નોલોજી અપગ્રેડ કરવાનું અને તેનો સ્વીકાર કરવાનું સુનિશ્ચિત કરેલ છે. કંપનીએ કેટલાક પ્લાન્ટસ/પ્રોડક્ટ્સ જેવાકે કોસ્ટીક સોડા લાય, ક્લોરોમિથેન, હાઈડ્રોજન પેરોક્સાઈડ, ફોસ્ફોરિક એસિડ, એલ્યુમિનિયમ ક્લોરાઈડ અને સ્ટેબલ બ્લીચિંગ પાવડરમાં ૧૦૦%થી વધુ ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરી છે.

ઈલેક્ટ્રોલિસીસ પ્રક્રિયા દ્વારા કોસ્ટીક સોડાનું ઉત્પાદન મોટા પાયે ઈલેક્ટ્રીક પાવર પર આધારિત છે. કંપનીએ તેની વધારાની ઉર્જાની માંગને પહોંચી વળવા માટે લાંબાગાળાની વ્યૂહનીતિ અપનાવેલ છે. આપની કંપનીએ સ્વવપરાશ માટે ગેસ પર આધારિત ૯૦ મેગાવોટનો પાવર પ્લાન્ટ તેમજ ૧૪૫ મેગાવોટનો સંયુક્ત વપરાશ માટે ગેસ પર આધારિત જી.આઇ.પી.સી.લ. ખાતે પાવર પ્લાન્ટ સ્થાપેલ છે. આ ઉપરાંત આપની કંપનીએ તા.૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધીમાં કુલ ૧૭૧.૪૫ મેગાવોટની ક્ષમતાવાળી વિન્ડ મીલ સ્થાપી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન આપની કંપનીએ સ્વવપરાશ માટે ૨૦ મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ સપ્ટેમ્બર, ૨૦૧૯માં કાર્યાન્વિત કર્યો છે. આથી વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન કંપનીની કુલ સોલાર પાવર ક્ષમતા વધીને ૩૫ મેગાવોટ થઈ ગઈ છે. આ સાથે પુનઃ પ્રાપ્ય ઉર્જાની ક્ષમતા વધીને કુલ ૨૦૬.૪૫ મેગાવોટ થઈ છે જેમાં પવન ઉર્જાની ક્ષમતા ૧૭૧.૪૫ મેગાવોટનો સમાવેશ થાય છે.

## કંપનીની નાણાંકીય કામગીરી

વર્ષ દરમિયાન ગળાકાપ સ્પર્ધા અને અસ્થિર બજારની પરિસ્થિતિ હોવા છતાં, આપની કંપનીએ રૂ.૨,૬૫૪ કરોડનું વેચાણ, રૂ.૪૯૨ કરોડનો વેરા પહેલાંનો નફો અને રૂ.૩૩૩ કરોડનો વેરા પછીનો નફો હાંસલ કરેલ છે. આપની કંપની ખર્ચ ઘટાડવા માટે સતત પ્રયત્નશીલ છે. આપની કંપની ઉત્પાદન સ્તર જાળવી રાખવામાં અને તેના ગુણવત્તાયુક્ત ઉત્પાદનોને ખૂબ જ સ્પર્ધાત્મક દરે વેચવા માટે સક્ષમ છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં શેર દીઠ કમાણી વાર્ષિક રૂ.૪૫.૩૨ની રહી હતી. શેરની ચોપડે કિંમત (બુક વેલ્યુ) ગત વર્ષના રૂ.૫૦૫ પ્રતિ શેરની સામે તા.૩૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ રૂ.૫૪૧ પ્રતિ શેરની રહી છે જે પ્રતિ શેર રૂ.૩૬ નો વધારો દર્શાવે છે.

ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧ ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં આપની કંપનીએ રૂ.૪૫૩ કરોડનું વેચાણ હાંસલ કરેલ છે. આપની કંપનીએ પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં કરવેરા પહેલાનો નફો રૂ.૪૬ કરોડ અને કરવેરા પછીનો નફો રૂ.૩૨ કરોડ હાંસલ કરેલ છે.

## ડિવિડન્ડ

મને જણાવતા આનંદ થાય છે કે આપની કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોએ તા.૩૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે ઈક્વિટી શેરો પર શેરદીઠ રૂ.૮.૦૦ એટલેકે ૮૦% ડિવિડન્ડ આપવાની ભલામણ કરી છે.

## બજાર વ્યવસ્થા

આપની કંપનીની ઉત્પાદન શ્રેણીમાં ૩૬થી વધુ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. કોસ્ટીક સોડા ગ્રૂપ તેમાં સૌથી વધુ આવક આપનાર ગ્રૂપ છે. આથી, કોસ્ટીક સોડા અને ક્લોરીનના બજારની પરિસ્થિતીની કંપનીની કામગીરી ઉપર બહોળી અસર પડે છે.

આપની કંપનીએ હાઈડ્રોક્લોરિક એસિડના મૂલ્યવર્ધક પ્રોડક્ટ તરીકે, વડોદરા ખાતે પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ (પીએસી)નો પ્રારંભ કર્યો હતો અને આપણે વિવિધ ગ્રેડના પીએસીને વધુને વધુ ભારતીય બજારમાં વેચવા માટે સક્ષમ થયા છીએ. પીએસી પાવડરના નિકાસમાં વધારો થયો છે. પીએસીની નિકાસમાં હજુ પણ વધારો થવાની શક્યતાઓ છે.

ખુબજ ઓછી કિંમતે વિવિધ ઉત્પાદનોના ભારતમાં બહોળા પ્રમાણમાં થતાં આયાત (ડમ્પિંગ) ને કારણે આપની કંપની સતત પ્રતિકુળ પરિસ્થિતિનો સામનો કરી રહી છે જેના કારણે કંપનીની ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ તથા ઉત્પાદનોની કિંમતો પર પ્રતિકુળ અસર પડે છે. આ માટે કંપની ડબલ્યુટીઓ (WTO) માર્ગદર્શિકા અંતર્ગત એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાદવાના સુધારાત્મક પગલાં લેવા માટે સક્રીય પ્રયાસ કરી રહી છે. જેના પરિણામે અમુક ઉત્પાદનો પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી છે.

આપની કંપનીએ ભારતના પૂર્વ ક્ષેત્રના ભાગમાં વેચાણ કરવાનું ચાલુ રાખ્યું છે અને તે મુજબ મેસર્સ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (નાલ્કો) અને મેસર્સ વેદાંતા લિમિટેડને કૉસ્ટીકસોડાનું વેચાણ કરેલ છે.

## ખર્ચ નિયંત્રણ માટેના પગલાં

આપની કંપનીએ વપરાશી વસ્તુઓનું ખર્ચ નિયંત્રણ કરવા માટે અને નફાકારકતા સુધારવા માટે વિવિધ અસરકારક પગલાં લીધા છે. નાણાંકીય વર્ષ દરમિયાન કંપનીએ કેટલાંક પગલાઓ લીધેલ છે જેની હું આપને માહિતી આપુ છું:

૧) ઉત્પાદન માટેના માલસામાનની ખરીદી માટે આપની કંપનીએ વર્ષ દરમિયાન રિવર્સ ઓક્સન પ્રક્રિયાને અનુસરીને તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન આપ્યું છે આથી માલ ની ખરીદ કિંમતમાં ઘટાડો થયો છે.

૨) આપની કંપનીએ કસ્ટમ ડ્યુટી માફી સાથે એડવાન્સ લાઈસન્સ યોજના અંતર્ગત કાચા માલ, પ્રાઈમરી એલ્યુમિનિયમ ઇંગોટ્સની ખરીદી કરેલ છે જેનાથી માલની પ્રાપ્તિનો ખર્ચ ઘટ્યો છે. આ સ્કીમમાં નિકાસ જવાબદારી સંપન્ન કરવા, આપની કંપનીએ તૈયાર ઉત્પાદનોની નિકાસ કરી અને વિદેશી હુંડિયામણ પણ મેળવ્યું છે. ખરીદ કિંમત ઘટાડવા માટે, આપની કંપનીએ તૈયાર ઉત્પાદનોની ગુણવત્તાને અસર કર્યા વિના નીચા ભાવે વૈકલ્પિક કાચા માલની ખરીદી કરી છે.

૩) પોટેશિયમ ક્લોરાઈડ (KCl) કે જે સૌથી મોટા પ્રમાણમાં આયાત કરવામાં આવતા કાચા માલમાનું એક છે કે જેનું આયાત સ્થળ ભારતમાં પૂર્વ કાંઠાથી પશ્ચિમ કાંઠા પર ફેરવવામાં આવેલ હતું તે વર્ષ દરમિયાન પણ ચાલુ રાખેલ છે. જેને કારણે માલના પરિવહનના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

૪) આપની કંપની કિંમત ઘટાડવા, ગુણવત્તામાં સુધારો કરવા અને સમયસર સામગ્રીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં હંમેશાં નવીન પગલાં લેવાની પહેલ કરે છે. આપની કંપનીએ VMI (Vendor Managed Inventory) અને અમુક કાચા માલ અને અન્ય વપરાશી વસ્તુઓ માટે લાંબા ગાળાના કરાર કર્યા છે.

૫) આપની કંપની એક જવાબદાર અને સારું સસ્ટેનેબલ સોર્સીંગ ધરાવતું ધંધાકીય સાહસ તરીકે ઓળખ ધરાવે છે. આ સસ્ટેનેબલ સોર્સીંગના ભાગ રૂપે કોસ્ટીક સોડાના ઉત્પાદન માટે ગુણવત્તાવાળા સોલ્ટનો (વોશ્ડ ક્વોલીટી સોલ્ટનો) ઉપયોગ ચાલુ રાખ્યો છે. મીઠાની સુધરેલી ગુણવત્તાથી કંપનીને ઓછા સ્લજ જનરેશન અને વધુ ઉત્તમ સ્લજ ડિસ્પોઝલ મેનેજમેન્ટનો લાભ મળ્યો છે. મીઠાની સુધરેલી ગુણવત્તાથી કેમિકલ્સના વપરાશમાં પણ ઘટાડો થયો છે જેના સીધા પરિણામ રૂપે, ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો છે અને મેમ્બ્રેન સેલ્સ જે કોસ્ટીક સોડાના ઉત્પાદનની પ્રક્રિયાનો એક અગત્યનો ભાગ છે તેના આયુષ્યમાં પણ વધારો થયો છે.

## વિસ્તરણ અને નવી યોજનાઓ

આપને જણાવતાં મને આનંદ થાય છે કે કંપની તેની વિકાસની યોજનાઓનું અમલીકરણ સફળતા પૂર્વક કરી રહી છે જેના ભાગ રૂપે કંપની વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૫,૦૦૦ કરોડના વાર્ષિક વેચાણનું લક્ષ્ય હાંસલ

કરવાની ખાતરી ધરાવે છે. COVID-19 રોગચાળાની અણધારી પરિસ્થિતી તથા લોકડાઉનને લીધે નવા પ્રોજેક્ટ્સના અમલીકરણની પ્રક્રિયા શરૂઆમાં થોડી ધીમી થઈ ગયેલ હતી, પરંતુ ઈચ્છિત ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે આપની કંપનીના હકારાત્મક અભિગમને કારણે અમલીકરણની પ્રક્રિયા પૂરજોશમાં ચાલુ થઈ ગઈ છે.

ત્રણ મોટા પ્રોજેક્ટ્સ, એટલે કે હાઈડ્રેઝિન હાઈડ્રેટ, ક્લોરોમેથેન્સ અને GNAL (નાલ્કો સાથેનો એક JV પ્રોજેક્ટ), જેને ચાલુ નાણાંકીય વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં અમલમાં મૂકવાની યોજના હતી, જેમાં લગભગ ૪ થી ૬ મહિનાનું મોડું થઈ શકે છે અને આગામી નાણાંકીય વર્ષ એટલે કે ૨૦૨૧-૨૨ના બીજા ત્રિમાસિક ગાળા સુધી વ્યાવસાયિક ધોરણે કાર્યરત થવાની સંભાવના છે. અન્ય બે મુખ્ય પ્રોજેક્ટ્સ એટલે કે પ્યોરિફાઈડ ફોસ્ફોરિક એસિડ અને કોસ્ટિક સોડા વિસ્તરણ, જે ૨૦૨૧-૨૨ ના ત્રીજા ત્રિમાસિક ગાળા સુધીમાં કાર્યરત કરવાની યોજના હતી, તે હવે ૨૦૨૧-૨૨ ના અંતિમ ત્રિમાસિક ગાળા દરમિયાન વ્યાવસાયિક ઉત્પાદનના તબક્કે પહોંચશે.

COVID-19 રોગચાળા પછી અને દેશવ્યાપી લોકડાઉનને પગલે દેશના ઘણા સ્થળોએ હજી પણ અંશતઃ લોકડાઉન લાગુ હોવાને કારણે પ્રોજેક્ટ્સના સમયપત્રક પર વિપરીત અસર પડી છે. દેશવ્યાપી લોકડાઉનને પગલે બાંધકામ કામદારોએ પોતાના વતન તરફ કરેલ સ્થળાંતરના કારણે બાંધકામના સ્થળોએ કામની ગતિમાં નોંધપાત્ર ઘટાડો થયેલ હતો. આપની કંપનીએ સમયસર સુધારાત્મક પગલાં લીધેલ હોવાથી પરિસ્થિતિ જૂન ૨૦૨૦ના અંત સુધીમાં કાબુમાં આવી ગઈ હતી અને જુલાઈ ૨૦૨૦થી પરિસ્થિતીમાં સુધારો આવવાની શરૂઆત થઈ ગઈ હતી. કંપનીએ પ્રોજેક્ટ્સના અમલીકરણની પ્રક્રિયા ઝડપી બનાવવાં જરૂરી તમામ કાયદાકીય મંજૂરી પ્રમાણે બાંધકામના સ્થળપર સામાજીક અંતર જાળવી, સ્થળપર કામદારોને સઘન તાલીમ આપી, કામદારોને કામના સ્થળપર સલામત રીતે ખસેડી અને પ્રોજેક્ટ્સના કાર્યસ્થળને સ્વચ્છ અને સલામત બનાવી યોગ્ય વાતાવરણ પૂરું પાડ્યું છે.

પ્રોડક્ટસ માટેના માલ-સામાનની તમામ ખરીદી અંગેની પ્રવૃત્તિઓ ઘરેથી કામ કરતાં સંગઠીત જુથ વડે ડિજિટલ માધ્યમો દ્વારા વ્યવસાયિક ચર્ચાઓ ચાલુ રાખવામાં આવી હતી. પહેલેથી જ ઓર્ડર આપેલા પ્લાન્ટ અને મશીનરી માટેની મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓને વર્ચ્યુઅલ નિરીક્ષણો કરી અને રવાનગી માટેની મંજૂરી આપીને પ્રોજેક્ટ્સ અમલીકરણ ચાલુ રાખવામાં આવ્યું હતું.

મને જણાવતા આનંદ થાય છે કે કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ૧૫,૦૦૦ મેટ્રિક ટનની ક્ષમતાવાળો સ્ટેબલ બ્લીચિંગ પાવડર પ્લાન્ટ અને વાર્ષિક ૧૬,૫૦૦ મેટ્રિક ટનની ક્ષમતાવાળો એન્હાઈડ્રસ અલ્યુમિનિયમ ક્લોરાઈડ પ્લાન્ટ સફળતા પૂર્વક કાર્યરત કરેલ છે.

## પુનઃપ્રાપ્ય ઉર્જા

આપની કંપનીએ ગ્રીન ટેક્નોલોજીને પ્રોત્સાહિત કરવાની પોતાની પ્રતિબદ્ધતાને વેગ આપતાં ગુજરાતનાં ચારણકા ગામ ખાતે નાણાંકીય વર્ષ દરમિયાન બીજો ૨૦ મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ સ્થાપ્યો છે જે કાર્યરત થઈ ચૂક્યો છે. આ પ્રોજેકટ પ્રસ્થાપિત થવાથી કંપનીની સ્થાપિત રિન્યુએબલ એનર્જીની ક્ષમતા ૩૫ મેગાવોટ સોલાર પાવર અને ૧૭૧.૪૫ મેગાવોટ વિન્ડ પાવરની થઈ છે જે કંપનીની કુલ ઉર્જાની જરૂરીયાતનાં ૨૫%થી વધારે જરૂરીયાત પુરી પાડશે.

## જીએનએએલ (GNAL) દ્વારા પ્રોજેકટ નાલ્કો સાથેની એક સંયુક્ત સાહસ કંપની

કંપનીના દહેજ સંકૂલ ખાતે આવેલ પ્લોટ ડી ૨/૯ માં કોલસા પર આધારિત ૧૩૦ મેગાવોટનો પાવર પ્લાન્ટ અને પ્રતિદિન ૮૦૦ મેટ્રીક ટનની ક્ષમતાવાળા કોસ્ટીક સોડા પ્લાન્ટનું કામ કાર્યરત છે જે નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (NALCO) સાથેનું એક સંયુક્ત સાહસ છે. આ પ્લાન્ટમાં ઉત્પાદિત થનાર ક્લોરીનને નજીકના વિસ્તારોમાં ક્લોરીન વપરાશકારોને પહોચાડવામાં આવશે.

## સંશોધન અને વિકાસ

આપની કંપનીની હાલની અને ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને સંશોધન અને વિકાસની પ્રવૃતિઓ પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. કંપનીનો સંશોધન અને વિકાસ વિભાગ નવી પ્રક્રિયાઓનો વિકાસ અને સુધારો, પર્યાવરણ સાનુકૂળ ટેક્નોલોજી, વેસ્ટ યુટિલાઈઝેશન, ઉત્પાદનની ગુણવત્તા અને ગ્રાહકની જરૂરીયાત પુરી પાડવા પર કાર્ય કરે છે.

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, આપની કંપનીએ સફળતાપૂર્વક એક નવી પ્રોડક્ટ જેનું નામ ક્રિસ્ટલાઈન કેલ્શિયમ નાઈટ્રેટ ટેટ્રાહાઈડ્રેટ (Crystalline Calcium Nitrate Tetrahydrate) જે ફોસ્ફોરિક એસિડ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થયેલ પ્રવાહી કચરામાંથી વિકસિત કરી છે અને આપની કંપનીએ આમાટે ભારતીય પેટન્ટ મેળવવા અરજી પણ કરેલ છે. આપની કંપની કોસ્ટિક સોડા, પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ અને હાઈડ્રોજન પેરોક્સાઈડ જેવા પ્લાન્ટસમાંથી ઉત્પન્ન થતા કચરામાંથી પ્રોડક્ટસ બનાવવા માટે પણ કામ કરી રહી છે. પ્રક્રિયા પર વધુ નિયંત્રણ રાખવા માટે સંશોધન અને વિકાસ વિભાગ આયાતી કાચા માલની પ્રક્રિયા અને ગુણવત્તા પર નજર રાખવા માટે પણ કામ કરે છે.

સંશોધન અને વિકાસ વિભાગે કુલીંગ વોટર ટ્રીટમેન્ટ માટે જરૂરી તકનીકી સહાય પૂરી પાડી છે, જેથી કાટ અને માઈક્રોબાયોલોજીકલ ગ્રોથનું મોનિટરિંગ સફળતા પૂર્વક થયેલ છે. સંશોધન અને વિકાસ વિભાગે વિવિધ વિભાગોને જરૂરી તકનીકી સહાય પૂરી પાડી હતી, જેના પરિણામે એકંદરે તે ફળદાયી નીવડેલ છે.

## સુરક્ષા અને પર્યાવરણ

કંપની તેની નીતિ, સિદ્ધાંતો અને સુરક્ષા તથા પર્યાવરણને લગતા વિધાનોને સતત અમલ કરી રહી છે. કંપનીના કર્મચારીના સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણની જાળવણીને લગતા નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. આ નિયમોને અનુરૂપ કંપનીના પરિસરની વિશેષ સ્વછતા તેમજ પ્લાન્ટની જાળવણી માટે વિવિધ અભિયાન પણ ચાલુ રાખવામાં આવ્યા છે.

માલના પરિવહનમાં સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી આપની કંપનીએ દરેક છ મહિનાના સમય દરમિયાન ડ્રાઈવરોને વ્યવસ્થિત ટ્રેનીંગ આપવાનું આયોજન કરેલ છે. પાણીનો બચાવ એ આપણી સભ્યતાનો એક ભાગ છે. પાણીના રોજના વપરાશનું વ્યવસ્થિત સંચાલન કરવા, આપની કંપનીએ પાણીના બધાજ મોટા પંપો પર વોટર ફ્લો મીટર મુકેલ છે. કંપનીના ગાર્ડનમાં આવેલ છોડોને પાણી પૂરું પાડવા માટે વોટર સ્પ્રિંકલર સીસ્ટમ પ્રસ્થાપિત કરેલ છે.

## કોર્પોરેટ ગવર્નન્સ

અમે દ્રઢપણે માનીએ છીએ કે કંપનીને પ્રોત્સાહિત કરવા માટે તેમજ મહત્તમ ઉત્પાદકતા હાંસલ કરવા માટે તેમજ હિતધારકોના લાભ જળવાય એ સુનિશ્ચિત કરવા માટેનો આધાર કંપનીના સુદ્રઢ અને કાર્યક્ષમ વહીવટ પર રહેલો છે. સર્વગ્રાહી વિકાસ માટે જરૂરી એવી સુચારૂ સંસ્થાકીય વહીવટ પદ્ધતિઓનું (Good Corporate Governance) પાલન કરવાનું જીએસીએલ હંમેશા સુનિશ્ચિત કરે છે જે દ્વારા સંસ્થાકીય વિકાસનો લાભ સમગ્ર સમાજ મેળવી શકે.

## સંસ્થાકીય સામાજિક જવાબદારી (CSR)

જીએસીએલ ખાતે, આપણે આપણા હિતધારકો માટે મૂલ્ય વધારવા પ્રત્યે પ્રતિબદ્ધ છીએ અને વિવિધ સંસ્થાકીય સામાજિક જવાબદારીઓ (CSR) નિભાવીને તેમના જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો સતત પ્રયત્ન કરીએ છીએ. આપણા CSR કાર્યોમાં મુખ્યત્વે શિક્ષણને પ્રોત્સાહન, દિવ્યાંગ બાળકોની સારસંભાળ, આરોગ્યની જાળવણી, સ્વછતા, આર્થિક રીતે નબળા લોકોની આજીવિકા વધારવી અને કૌશલ્ય વિકાસ, કલા, સંસ્કૃતિ અને વારસાની જાળવણી તથા જળ સંરક્ષણ અને પર્યાવરણ અંગેની વિવિધ પ્રવૃતિઓનો સમાવેશ કરેલ છે.

CSR પ્રવૃતિઓ વ્યૂહાત્મક રીતે કંપનીની નીતિઓ, ફિલોસોફી તથા સરકારના વિકાસલક્ષી લક્ષ્યો સાથે સંકળાયેલ છે અને તેનું જીએસીએલ એજ્યુકેશન સોસાયટી દ્વારા અમલીકરણ કરવામાં આવે છે.

આ કાર્યો સહભાગીતાના વલણ સાથે તૈયાર કરવામાં છે અને સાથે સમુદાયની આવકશ્યકતાઓને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. તેનાથી આપણાં હિતધારકો સાથેનાં લાંબા ગાળાના અને મજબૂત સંબંધોને આગળ વધારવામાં મદદમળે છે. સમાવેશી વિકાસને પ્રોત્સાહન એ જીએસીએલ

ની પ્રાથમિકતા છે અને તેમાં સામાજિક અને ધંધાકીય એમ બંને હેતુઓને સામેલ કરાય છે. વંચિત સમુદાયની તેની પ્રતિબદ્ધતામાં આપની કંપની પ્રતિષ્ઠિત બિન સરકારી સંસ્થાઓ (એનજીઓ) અને સરકારી સંસ્થાઓ સાથે તેના મૂળ સ્તરે સહભાગીતાથી કામ કરે છે. આ માટે ઉત્તમ કાર્ય પદ્ધતિ, સહકાર અને નિર્માણ પર લક્ષ અપાયું છે જેનાથી બધાનો સર્વાંગી વિકાસ, એકબીજાના સહકારથી કાર્ય કરવુ અને નવીનતમ વિચારધારાનો સ્વીકાર શક્ય બન્યો છે.

આપની કંપની જ્યાં કાર્યરત છે તે સમુદાયોમાં આપણા તમામ પ્રોજેક્ટ્સનો અમલ થયો છે અને તેમાં આપણે દરેક બાબતોનું કાળજીપૂર્વક પાલન કરીએ છીએ. આપણે સમુદાયના વિવિધ વર્ગોને યોગ્ય સહયોગ પ્રદાન કરીએ છીએ જેનાથી તેમના જીવનમાં એક હકારાત્મક વતાવરણનું નિર્માણ થઈ શક્યું છે.

## જીએસીએલ ખાતે માનવ સંસાધન

જીએસીએલ ખાતે માનવ સંસાધન વિભાગ કર્મચારીઓની ક્ષમતા અને ઉત્પાદકતા વધે એ રીતની યોજનાઓ અને નીતિઓનું અમલીકરણ કરે છે. માનવ સંસાધન કંપનીના દરેક સ્તરને જ્ઞાન અને નવતર વિચારોથી વધુ સારું બનાવે છે અને પરિણામે કંપની તેના વિવિધ કાર્યોમાં સફળતા મેળવી શકી છે.

કંપનીએ ભવિષ્યની જરૂરિયાતો અને પ્રોજેક્ટ્સ માટે જરૂરી માનવ સંસાધન પુરા પાડવા સક્સેસન પ્લાનિંગ અને નવા કર્મચારીઓની ભરતી માટે વ્યૂહાત્મક નીતિ અમલમાં મુકી છે. કંપનીએ ગુજરાત સરકારની 'મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના' પ્રમાણે યોગ્ય પગલાઓ લીધેલા છે. આ યોજનાના ભાગરૂપે, કંપનીએ વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૧૯૯ એપ્રેન્ટિસને કામ પર રાખ્યા હતા.

કંપનીનો માનવ સંસાધન વિભાગ નવી પ્રતિભાઓને મદદરૂપ થાય છે અને તેઓના જ્ઞાનનો વ્યવસ્થિતપણે વિકાસ થાય તે હેતુથી તાલીમ આપવા પર ભાર મૂકે છે. કંપની દ્વારા એક્ઝિક્યુટિવ ડેવલપમેંટ પ્રોગ્રામ્સ, તકનીકી આવડતમાં વૃદ્ધિ કરવી જેવા જુદા જુદા ટ્રેનીંગ પ્રોગ્રામ્સનું આયોજન કરવા પર પણ એટલુંજ ધ્યાન આપવામાં આવ્યું હતું. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ૩૩,૦૪૧ તાલીમ કલાકોનું આયોજન કરીને તાલીમક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કર્યું છે.

## ઈન્ફોર્મેશન ટેક્નોલોજી

વ્યવસાયિક કામગીરી અને તેની વ્યૂહરચનાની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT) નો ઉપયોગ કરીને સતત વિકાસ થાય તે માટે કંપની હંમેશાં પ્રયત્નશીલ છે. જુદી જુદી

વ્યવસાયિક પ્રક્રિયાઓ અને નિયંત્રણના વધુ સારા એકીકરણ માટે, કંપની પાસે બેંચ માર્કિંગ ઇઆરપી - ''એસએપી સિસ્ટમ'' છે. કંપનીએ તેના તમામ હિસ્સેધારોને નિર્ણય લેવા માટે જરૂરી માહિતીની ઉપલબ્ધતાને સક્ષમ કરવા માટે એક મજબૂત અને સુરક્ષિત આઇટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યું છે. આઇટી સિસ્ટમ સતત અપડેટ થાય છે, અપગ્રેડ થાય છે અને વિસ્તૃત પણ થાય છે જેથી કંપનીના તમામ હિસ્સેધારો માટે વ્યાવસાયિક કાર્ય કરવામાં સરળતા રહે છે.

## આભારવચન

આ વર્ષે નવા નિમણુંક થેયેલા અધ્યક્ષ શ્રી અનીલ મુકીમ, આઈ.એ.એસ. ને હું આવકારું છું. તથા આ વર્ષે નવા નિમણુંક થયેલા આપની કંપનીના ડિરેક્ટર્સ શ્રી પંકજ જોશી, આઇ.એ.એસ. અને શ્રી રોહિતભાઈ જે. પટેલ ને પણ હું આવકારું છું. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી હું કંપનીના બોર્ડ પરથી આ વર્ષે નિવૃત થયેલા ડો. જે. એન. સિંઘ, આઇ.એ.એસ. (સેવા નિવૃત) ચેરમન તથા ડિરેક્ટરો શ્રી અરવિંદ અગ્રવાલ, આઇ.એ.એસ. અને ડો. રાજીવ આઈ. મોદી નો આભાર માનું છું, તેઓના બહોળા અનુભવનો કંપનીને તેના વિકાસ અને વૃદ્ધિમાં લાભ મળ્યો છે.

બોર્ડ પરના મારા અન્ય સાથીઓએ કંપનીના સંચાલનમા આપેલ કિંમતી માર્ગદર્શન અને યોગદાન બદ્દલ હું તેમના પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાંગણી વ્યક્ત કરું છું.

અમારામાં મૂકેલા વિશ્વાસ બદ્દલ કંપનીના તમામ શેરહોલ્ડર્સનો પણ હું આભાર માનું છું. આપની કંપનીના કર્મચારીઓએ તેમની વચનબદ્ધતા અને સમર્પણની ભાવના થકી આપેલ મૂલ્યવાન યોગદાન માટે હું તેમનો આભાર માનું છું.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને મારા વતી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર, ખાસ કરીને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણાં વિભાગ તેમજ ઉદ્યોગ અને ખનીજ વિભાગ, કંપનીના પ્રમોટર્સ, બેન્કર્સ, ઓડિટર્સ, ગ્રાહકો, એજન્ટસ, ડીલર્સ, સપ્લાયર્સ અને અન્ય હિતધારકો તરફથી કંપનીને સતત મળેલ મૂલ્યવાન સાથ અને સહકાર માટે તેઓ પ્રત્યે હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

# જયહિન્દ

Promoting Green Technology
ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ
(આઈએસઓ પ્રમાણિત કંપની) (ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત)
રજીસ્ટર્ડ ઓફિસ : પી. ઓ. પેટ્રોકેમિકલ્સ–૩૯૧૩૪૬, જિલ્લોઃ વડોદરા. ફોનઃ +૯૧-૨૬૫-૬૧૧૧૦૦૦
ઇ-મેઇલઃ cosec@gacl.co.in | વેબસાઇટઃ www.gacl.com | CIN: L24110GJ1973PLC002247
Design by : oneadvt.com